New C.C. NO. 2001983 of 1992
Old C.C. NO. 207 of 1988
Judgement

દાખલ તારીખ : ૧૬/૦૧/૧૯૮૮

રજૂ કર્યા તારીખ : ૧૬/૦૧/૧૯૮૮

ફેંસલ કર્યા તારીખ : ૦૩/૦૧/૨૦૨૫

સમય : વર્ષ, માસ, દિવસ.

મહે. ૧૬ માં એડીશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર)સાહેબની કોર્ટ મધ્યે,

અમદાવાદ.

નવો ફોજદારી કેસ નં. : ૨૦૦૧૯૮૩/૧૯૯૨

જુના ફોજદારી કેસ નં. : ૨૦૭/૧૯૮૮

આંક – ૧૭

<u>ફરીયાદી :–</u>

શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

<u>તહોમતદાર :–</u>

ભગવતસિંહ મોતીસિંહ બારોટ, ઉ. વ. – ૨૬,

રહે . એ/૫૫, કૃષ્ણનગર, ઓઢવ, અમદાવાદ.

ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩,૫૦૬(૨), ૫૦૪ મુજબ.

---

ફરીયાદ પક્ષે : વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઈ
તહોમતદાર પક્ષે : કોઈ નથી.

---

<u>–:: ચુ કા દો ::–</u>

(૧) આ કામના ફરીયાદીની હકીકત ટુંકમાં એવી છે કે, ગઈ તા. ૨૫/૧૨/૧૯૮૭ ના કલાક – ૧૫.૩૦ વાગે ઓઢવ દીપાલીનગર બંગલા નં. – ૪૯૬ સામે બગીચામાં ફરીયાદીના નાના દિકરા સાહેદ નં. – ૦૬ તેમજ તહોમતદારના સાઢુના નાના દિકરો બન્ને વચ્ચે ક્રિકેટ રમવા

બાબતે ઝગડો થતાં ઝપા – ઝપી થતાં ફરીયાદી બન્ને છોકરાઓને છોડાવવા વચ્ચે દોડી જતાં તહોમતદારે ફરીયાદીના દિકરાને બે ત્રણ લાફા મારી તથા ક્રિકેટ રમવાના બેડ વડે ફરીયાદીને મોઢાના ભાગે માથામાં મારી દઈ ઈજા કરી તથા ખુલ્લુ ધારીયુ લઈ ફરીયાદીને બતાવી કહેલ કે, જો લોબી ટુંકી વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી તહોમતદાર ધારીયુ રાખી આ સમયે પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદનું હથીયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતા જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા આ ફરીયાદ ગુ. ર. નં. – ૨૧૪ /૧૯૮૭ થી ઈ. પી. કો. કલમ – ૩૨૩, ૫૦૬(૨), ૫૦૪ મુજબની દાખલ કરી આ કામના તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી તપાસના અંતે પુરતો પુરાવો જણાતાં તહોમતદાર વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૧૭૩ અન્વયે તા. ૧૬/૦૧/૧૯૮૮ ના રોજ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના તહોમતદારને સમન્સની બજવણી થતાં વકીલશ્રી મારફતે તહોમતદાર હાજર થયા હતાં. તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ ની જોગવાઈઓને આધીન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી કરી પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ મારા પુરોગામીશ્રીએ આ કામના તહોમતદારની સામે આક્ષેપિત ગુનાનું તહોમતનામું આંક – ૦૩ થી તા. ૧૯/૦૮/૧૯૯૪ ના રોજ ફરમાવી વાંચી, સમજાવી આંક – ૦૪ થી તહોમતદારનું નિવેદન નોંધતા ગુન્હો કબુલ ન હોવાથી ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

ત્યાર બાદ મારા પુરોગામીશ્રીએ આંક – ૦૯ થી તહોમતદાર વિરૂધ્ધ ફરી વખત તા. ૧ ૦/૮/૨૦૧૬ ના રોજ ફરમાવી વાંચી, સમજાવી આંક – ૧૦ થી તહોમતદારનું નિવેદન નોંધતા ગુન્હો કબુલ ન હોવાથી ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

સદર કામે તહોમતદાર લાંબા સમયથી સતત ગેરહાજર રહેતા તેમજ અદાલત ધ્વારા તહોમતદાર વિરૂધ્ધ અવાર – નવાર સમન્સ / વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ છે, તેમ છતાં તેઓને સમન્સ કે વોરંટ બજી શકેલ નહીં તેમજ તેઓના જામીનદારને પણ નોટીસો બજી શકેલ નહીં. વધુમાં આક્ષેપિત બનાવ સને – ૧૯૯૨ ના વર્ષનો હોય અને તહોમતદાર મળી શકવાની શકયતા

નહીંવત જણાઈ આવતી હોય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૯૯ મુજબ આ કામ આગળ ચલાવવાનું યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>–: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો :–</u>**

૧. આંક – ૦૫ થી ફરીયાદી ઓમપ્રકાશ પરશરામ યાદવનો સોગંદ પરનો પુરાવો.

૨. આંક– ૧૨ થી સંતોષભાઈ ઓમપ્રકાશ યાદવનો સોગંદ પરનો પુરાવો.

૩. આંક – ૧૪ થી સાહેદ જયસીંહ સુખલાલ યાદવનો સોગંદ પરનો પુરાવો.

૪. આંક – ૧૫ થી સાહેદ શકુંતલાબેન વસંતભાઈ પાસીનો સોગંદ પરનો પુરાવો.

**<u>–: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :–</u>**

૧. આંક – ૦૬ થી ફરીયાદ

ત્યાર બાદ આ કામે વિ. એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો જાહેર ગણવામાં આવેલ છે. આ કામે ફરીયાદી પોતાની સરતપાસ રજૂ રાખવા આવ્યા બાદ ઉલટ તપાસ કરાવવા માટે હાજર રહેલ નહી. ફરીયાદી ત્યાર બાદ અવશાન પામેલ હોવાનું આંક – ૧૧ થી જાહેર કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં તહોમતદાર વિરૂધ્ધનુ કામ ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૯૯ મુજબ ચાલતુ હોય તહોમતદારનું સી. આર. પી. સી. ની કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી. ત્યાર બાદ આ કામે ફરીયાદી પક્ષે વિ. એ. પી. પી. શ્રીની વિસ્તૃત રજૂઆતો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદાઓ ::–</u>**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૨૫/૧૨/૧૯૮૭ ના કલાક – ૧૫.૩૦ વાગે ઓઢવ છીયાણીનગર બંગલા નં. – ૪૯૬ સામે બગીચામાં ફરીયાદીનો નાનો દિકરો સાહેદ નં. – ૦૬ તેમજ તહોમતદારના સાઢુનો નાનો દિકરો બન્ને વચ્ચે ક્રિકેટ રમવા બાબતે ઝગડો થતાં ઝપા ઝપી થતાં ફરીયાદી બન્ને છોકરાઓને છોડાવવા વચ્ચે દોડી જતાં તહોમતદારે ફરીયાદીના દિકરાને બે ત્રણ લાફા મારી તથા ક્રિકેટ રમવાના બેડ વડે ફરીયાદીને મોઢાના ભાગે માથામાં મારી દઈ ઈજા કરી તથા ખુલ્લુ ધારીયુ લઈ ફરીયાદીને બતાવી કહેલ કે, જો લોબી ટુંકી વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી તહોમતદાર ધારીયુ રાખી આ સમયે પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદનું હથીયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતા જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કો. કલમ – ૩૨૩, ૫૦૬(૨), ૫૦૪ મુજબ નો સજાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**– :: કારણો :: –**

**મુદા નં – ૦૧ ના કારણોની ચર્ચા :–**

(૭) આ કામે ફરીયાદપક્ષે આંક – ૦૫ થી ફરીયાદી ઓમપ્રકાશ પરશરામ યાદવ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તા. ૨૫/૧૨/૧૯૮૭ ના રોજ બનાવ બનેલો. તે દિવસે નાના છોકરાઓ અંબાલાલ બારોટનો દિકરો તથા ફરીયાદીનો દિકરો ક્રિકેટ રમતા હતા. રમતા રમતા ઝગડો થયેલો તે વખતે તહોમતદારે આવીને તેઓના દિકરા સંતોષને એક બે લાફા મારી દીધેલ. જેથી તેઓ દોડીને બચાવવા ગયેલા. ત્યારે તહોમતદારે તેઓને જણાવેલ કે, છોકરાઓની બાબતમા તારે ઝગડો ન કરવો જોઈએ. તેમ કહેતા છોકરાઓનું રમવાનું બેટ તેઓના માથામા મારી દીધેલ. તે વખતે તેઓનો હાથ પકડી મોઢાના ભાગે ફેંટ મારતા આજુ બાજુના લોકો આવી ગયેલા.

અને તેઓને બચાવેલ ત્યારબાદ તહોમતદાર ઘરે ગયેલા અને ધારીયું લઈને આવેલા ભેગા થયેલા ઈસમોએ તેઓનું ધારીયું પકડી લીધેલ. ત્યારબાદ પોલીસ સ્ટેશન ફરીયાદ લખાવવા ગયેલ તે વખતે અંબાલાલ બારોટનો ભાઈ પોલીસ ખાતામા હોય તેઓને જણાવેલ કે, સરકારી કર્મચારી છું આનો નીકાલ કરીએ તેમ કહેતા તેઓ પાછા આવી ગયેલા અને ફરીથી તહોમતદાર મારવા માટે આવેલા અને આજુબાજુના માણસોએ બચાવેલ. ફરીયાદીએ પોલીસ સ્ટેશન જઈ ફરીયાદ લખાવેલ. તેઓને માર્યા ત્યારે તહોમતદાર કઈ બોલતા ન હતા. ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે તેમા તેઓની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૦૬ થી રજુ રાખેલ ત્યારબાદ માણસો ભેગા થતાં મહેન્દ્રસીંગભાઈ જયસીંગભાઈ આવી ગયેલા.

આ કામ ફરીયાદીની ઉલટ તપાસ માટે રાખવામાં આવ્યા બાદ ફરીયાદી અવશાન પામેલ હોવાની હકીકતોએ ફરીયાદીની ઉલટ તપાસ થઈ શકેલ નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૨ થી સાહેદ સંતોષભાઈ ઓમપ્રકાશ યાદવ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ કયારે બનેલ તે તેઓને યાદ નથી. જે તે વખતે બનાવમાં ઓઢવ દીપાલીનગર સામે આવેલ બગીચામાં જે તે વખતે તેઓ તથા અન્ય માણસો રમતા હતા તે વખતે શૈલેષભાઈ ભગતસિંહ જેઓ તેઓના જાણવા મુજબ મરણ ગયેલ છે. કોઈ વસ્તુઓ બગીચામાં આવેલ જે રીતે ઈંટો સ્ટાઈલ્સો લઈ જતાં હતા તે વખતે તેઓએ ના પાડેલી જેથી ગાળો બોલવા લાગેલા ભગત કાકાએ તેઓને લાકડી મારેલી પછી શું થયેલ તે તેઓને યાદ નથી. બાદમાં તેઓના પિતાજી આવી જતા તેઓને પણ ધારીયા અને લાકડી વડે જે તે વખતે મારેલ હતું જે બનાવ બાબતે તેઓના પિતાએ ફરીયાદ આપેલી બાદમાં પોલીસે પુછપરછ કરેલી બાદમાં શું બનેલ તેની તેઓને ખબર નથી. સામાવાળાને જોયે ઓળખી શકે.

આ સાહેદની તહોમતદાર તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૪ થી સાહેદ જયસીંહ સુખલાલ યાદવ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ ભગવતસિંહ મોતીસીંહને ઓળખતા નથી. સને ૧૯૮૭ ની સાલમાં તેઓની

હાજરીમાં કોઈ બનાવ બનેલ હોય તેવું તેઓને યાદ નથી. પોલીસે કોઈ પુછપરછ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓ બનાવ બાબતે કઈ જાણતા નથી. બનાવ બાબતે કઈ કહેવું નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૫ થી સાહેદ શકુંતલાબેન વસંતભાઈ પાસી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ ભગવતસિંહ મોતીસિંહને ઓળખતા નથી. સને ૧૯૮૭ ના વર્ષમાં ક્રિ કેટ રમવા બાબતે છોકરાઓ વચ્ચે ઝગડો થયેલ હોય તેવું યાદ નથી. પોલીસે કોઈ પુછપરછ કરેલ હોય તેવું યાદ નથી. બનાવ બાબતે તેઓ કઈ જાણતા નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતો ધ્યાને લેતાં આંક– ૦૬ થી ફરીયાદ રજુ રાખેલ છે. સદર કામે ફરીયાદીને ઈજા થયેલ હોવાનું જણાય આવે છે. પરંતુ તપાસવામાં આવેલ સાહેદો તહોમતદારને ઓળખતા ન હોવાનું જણાવી તેઓ ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી. આ કામે ફરીયાદીના પત્ની આંક – ૧૫ ના સોગંદ પરના પુરાવામાં ફરીયાદની હકીકતોને સમર્થન કરી રહેલ નથી. આ હકીકતોએ આ કામના ફરીયાદીના તથા આંક – ૧૨ થી સાહેદ સંતોષભાઈના રજૂ થયેલ પુરાવાની હકીકતોને આ ફરીયાદીના પત્ની અને સાહેદના માતા સમર્થન કરી રહેલ નહી હોવાની હકીકતોએ તેઓનો પુરાવો શંકાસ્પદ બની રહે છે. આ કામે ફરીયાદ પક્ષે તહોમતદાર વિરૂધ્ધ નિ:શંક પણે કેસ પુરવાર કરેલ હોવાનું જણાઈ આવતું નથી. આ કામે જયારે તહોમતદાર વિરૂધ્ધ નિ:શંક પણે કેસ સાબિત કરી શકાયેલ ન હોય તે હકીકતોએ તહોમતદાર ને શંકાનો લાભ આપવાનું ન્યાયોચિત જણાઈ આવે છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષ તહોમતદાર સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આ કામના તહોમતદાર મળી આવતા નથી. નામદાર મહેરબાન ગુજરાતની વડી અદાલત દવારા પણ સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૯૯ અને ૩૫૩(૬)ના પ્રબંધોનો તેના ઉદ્દેશ અનુસાર ઉપયોગ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલી છે. હાલનો કેસ – ૧૯૮૮ ની સાલનો છે, આ કામે તહોમતદાર વિરૂધ્ધ એવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેના આધારે તેઓને તકસીરવાન ઠરાવી શકાય. આમ, જયારે તહોમતદાર સામે તેઓને નિ:શંકપણે તકશીરવાન ઠરાવી શકાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર

આવેલ નથી, ત્યારે ફકત તહોમતદારની ગેરહાજરીના કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી માત્ર કેસોના ભારણમાં વધારો થાય તેમ છે. અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આ તમામ સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૩૫૩(૬) અનુસાર તહોમતદાર સામેનો કેસ ફેંસલ કરવો ન્યાયના વિશાળ હિતમાં જરૂરી જણાઈ આવે છે.

ઉપરોકત તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નંબર – ૧ નો જવાબ ''નકાર'' માં આપી, મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

૧. આ કામે ઓઢવ પોલીસ સ્ટેશનના ગુ. રજી. નં. – ૨૧૪/૧૯૮૭ ના કામના તહોમતદાર ભગવતસિંહ મોતીસિંહ બારોટ, ઉ. વ. – ૨૬, રહે. – એ/૫૫, કૃષ્ણનગર, ઓઢવ , અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૪૮(૧) સાથે વાંચતા કલમ – ૩૫૩ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૫૦૬(૨), ૫૦૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓમાંથી બિનતહોમત મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ હથીયારનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામેના તહોમતદારે અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૭(એ) મુજબના ગણી લેવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. – ૦૩ જી, માહે – જાન્યુઆરી, સને – ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૩/૦૧/૨૦૨૫.
સ્થળ:-અમદાવાદ.

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
૧૬ માં એડી. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
કોડ નં - જીજે - ૦૧૦૩૭

( J P SADAT )